varsha madam : drjmodha@gmail.com


શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જયોતિર્ગમય

દ્વિમાસિક મુખપત્ર

To, ________________

મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College,
Porbandar.

મુદ્રક : ''ગેલી પ્રિન્ટર્સ'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ.

વર્ષ : ૭- અંક:૪૭ ઓગસ્ટ/સપ્ટે.-૨૦૧૬ (૯૦૯૯૯૭૮૧૨૭)


## ૧) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં વિદ્યાપર્વ શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી :-



પોરબંદર ખાતે વિદ્યાર્થિનીઓમાં આદર્શ સંસ્કારોનું બીજાકુંરણ કરનાર ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં શિક્ષકદિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. સવારની કોલેજ પ્રાર્થના બાદ કોલેજમાં કાર્યરત તમામ વિદ્યાશાખાઓમાંથી વિદ્યાર્થિનીઓ સાથે કોલેજમાં કાર્યરત તમામ વિદ્યાશાખાઓમાંથી વિદ્યાર્થિનીઓએ પોતાની રસરુચિ અનુસાર વિષય પસંદ કરી પૂર્ણ તૈયારી સાથે કોલેજના ટાઈમ ટેબલ મુજબ દરેક વર્ગખંડમાં અભ્યાસ કાર્ય કરાવી શિક્ષક બનવાનો અનુભવ મેળવ્યો હતો તેમજ વર્ગમાં હાજર રહેલ વિદ્યાર્થિનીઓએ પણ સહકાર આપ્યો હતો.

ત્યારબાદ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા યોજેલ કાર્યક્રમના શુભ અવસરે સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી કાયક્રમને વધુ સુશોભિત બનાવ્યો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત ઈષ્ટદેવની આરાધના, દીપ પ્રાગટય સાથે કરવામાં આવી હતી તેમજ કોલેજની વિદ્યાર્થિનીઓના હસ્તે મંચસ્થ મહાનુભાવો, આદરણીય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિ.શ્રી. ડૉ. નાગરસાહેબ તથા વાઈસ પ્રિ.શ્રી. કગથરાસાહેબનું પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે આદરણીયશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન તથા આર્શીવચનો આપતા જણાવ્યું હતું કે, આપણે સૌએ દરરોજ આત્મખોજ કરવી જોઈએ કે શિક્ષકે વિદ્યાર્થિનીઓને કેટલું આપ્યું ? અને વિદ્યાર્થિનીઓએ કેટલું મેળવ્યું ? તેની આત્મખોજ કરી જીવનમાં ઉતારવું જોઈએ. મહાન બનવું હોય તો આ પ્રક્રિયા સતત કરવી જોઈએ. વધુમાં તેમણે ડૉ. રાધાકૃષ્ણન, ડૉ. અબ્દુલકલામ અને ચાણકય જેવા વિશ્વ વિભૂતિઓને યાદ કરી, અબ્રાહમ લિંકનના જીવન પ્રસંગોમાં મળેલી નિષ્ફળતાનું ઉદાહરણ આપી કહ્યું હતું કે, તેમને નિષ્ફળતામાંથી જ સફળતા પ્રાપ્ત થઇ હતી માટે સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. અંતમાં, વિશેષ ભાર મૂકતા જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુથી આ સંસ્થા ઉભી કરવામાં આવી છે. તો તમે સૌ આ સંસ્થાની સુવિધાઓનો ઉપયોગ કરી, શિક્ષક કરતા પણ સવાયા થવાની ભાવના કેળવી, તમારી કારકિર્દી ઉજળી બનાવો, માત્ર સુવિધા ઉભી કરવાથી કશુ પ્રાપ્ત થતું નથી, આજે આ સંસ્થા ઉંચાઈના શિખર પહોંચી છે જેનો સાચો શ્રેય સંસ્થાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ કર્મચારીઓના ફાળે જાય છે.

માનનીય પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગર સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા સોક્રેટીસ જેવા તત્વચિંતકોને યાદ કરી કહ્યું હતું કે, તેમના વિચારોને સમજીને આત્મસાત કરવા જોઈએ, તેમજ પ્રભુ ઈસુએ આપેલા ત્રણ શબ્દો ASK AND THOU SHALL

RECEIVE , SEEK AND THOU SHALL FIND, KNOCK AND THE DOORS OF THE KINGDOM OF HEAVEN WOULD BE OPENED UNTO YOU શિક્ષા તથા શિક્ષક માટે મહત્વના છે એમ જણાવી વિદ્યાર્થિનીઓને કહ્યું કે હંમેશા પ્રશ્ન પુછતા રહેવું જોઈએ તો જ તમને ઉત્તર મળશે અને તેના માટે તીવ્ર ઝંખના પણ હોવી જરૂરી છે. જો એ પ્રાપ્ત થાય તો તમારે જ્ઞાનરૂપી દ્વાર ખોલવા જવું પડે. ખોજની પ્રક્રિયા મનુષ્યથી શરૂ થાય છે અને મનુષ્યથી પૂર્ણ થાય છે માટે જ્ઞાનની ખોજ સતત ચાલુ રાખવી જોઈએ.

આ તકે કોલેજની વિદ્યાર્થિનીઓએ પણ ડૉ. રાધાકૃષ્ણનના જીવન પર આધારિત વકતવ્યો રજુ કર્યા હતા. સાથે શિક્ષક તરીકેની ભુમિકા ભજવનાર વિદ્યાર્થિનીઓમાંથી પ્રથમ નંબર મેળવેલ વિદ્યાર્થિનીઓને શિલ્ડ તથા દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારી વિદ્યાર્થિનીઓને સર્ટીફિકેટ આપીને સન્માનિત કરવામાં આવી. ત્યારબાદ શ્રી ચેતનભાઈ દવે દ્વારા દિગ્દર્શિત નાટક ‘ધર્મવીર’ કોલેજની વિદ્યાર્થિનીઓએ રજૂ કર્યું હતું. અંતમાં, આભારવિધિ અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો.

આ ઉપરાંત પ્રાર્થના સમિતિ દ્વારા ‘૭૦મી આઝાદી યાદ કરો કુરબાની’ કાર્યક્રમમ અંતર્ગત સાપ્તાહિક દરમિયાન ચિત્ર, સ્લોગન, વકતૃત્વ, દેશભકિત ગીત, નિબંધ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ. જેમાં વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલા દેશભકતોના ચિત્રોનું પ્રદર્શન ગોઠવેલ. જેને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના વરદ્ હસ્તે ખુલ્લુ મુકવામાં આવેલ. આ તકે ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા અને પ્રિ.શ્રી. નાગરસાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. હેત્વી ડોડીયા તથા કુ. હિરલ અત્રીએ કર્યું હતું. કાર્યક્રમ એન.એસ.એસ. વિભાગ દ્વારા આયોજીત કરાયો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રોગ્રામર ઓફિસર ડૉ. ગીતાબહેન ઉનડકટ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, પ્રિ.શ્રી. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## ૨) ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન સંપન્ન – સ્ત્રી સશકિતકરણ અંગે ડૉ. નીતાબહેન ઉદાણીનું પ્રેરણાત્મક વ્યાખ્યાન :-



પોરબંદર ખાતેની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં વર્ષમાં બે વખત બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવે છે. પ્રથમ શૈક્ષણિક સત્રમાં બ્લડ ડોનેશન કેમ્પ તા. ૨૨/૦૯/૨૦૧૬ ના રોજ, કોલેજમાં કાર્યરત હેલ્થ સેન્ટર અને યુથ રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે યોજાયો હતો.

બ્લડ ડોનેશન કેમ્પ યોજાતા પહેલા ડૉ. કેતનભાઈ શાહે પ્રાર્થના સભામાં બ્લડ ડોનેશન અંગેની વૈજ્ઞાનિક માહિતી આપી વિદ્યાર્થિનીઓમાં પ્રેરણાત્મક જાગૃતિ જગાડી તેના પરિણામ સ્વરૂપ કેમ્પ દરમિયાન ૫૭ વિદ્યાર્થિનીઓએ રકતદાન કર્યું હતું. આ બ્લડ આશા બ્લડ બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. તેનો ઉપયોગ થેલેસેમીયાના બાળ દર્દીઓની સારવાર માટે કરવામાં આવે છે.

આ કેમ્પમાં આશા બ્લડબેંકના શ્રી કમલભાઈ શાહ અને તેમની ટીમે ઉમદા સેવા બજાવી હતી તેમજ સંસ્થાના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબે મુલાકાત લઇને બ્લડ ડોનેશન કરતી વિદ્યાર્થિનીઓનો ઉત્સાહ વધાર્યો હતો અને ગમે ત્યારે ઇમરજન્સીના સમયે બ્લડ આપવાની તત્પરતા દાખવી હતી.

સમગ્ર કેમ્પ સમયે ત્રીજા વર્ષના વિદ્યાર્થિનીઓએ પ્રશંસનીય કામગીરી બજાવી હતી. આ કેમ્પ માટે હેલ્થસેન્ટરના ડોક્ટર જયશ્રીબહેન પરમાર, ડૉ. કેતનભાઈ શાહ, શ્રી ભારતીબહેન શીંગરખીયા તથા યુથ રેડક્રોસ સોસાયટીના કન્વીનરશ્રી ડૉ. ચેતનાબહેન બેચરાએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ ઉપરાંત વિમેન સેલ અંતર્ગત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જર્નાલીઝમ વિભાગના હેડ ડૉ. નીતાબહેન ઉદ્દાણીનું સ્ત્રીસશક્તિકરણ વિષય પર વ્યાખ્યાન યોજવામાં આવેલ. કાર્યક્રમનો પ્રારંભ ડૉ. ભાવનાબહેન કેશવાલા દ્વારા કરવામાં આવેલ તથા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા વિમેન સેલના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકીએ આપી હતી. તેમજ ડૉ. ગીતાબહેન ઉનડકટે ડૉ. નીતાબહેન ઉદ્દાણીનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું ત્યારબાદ ડૉ. નીતાબહેન ઉદ્દાણીએ સ્ત્રીસશકિતકરણની ૨૧ મી સદીમાં આવશ્યકતા અંગે વિદ્યાર્થિનીઓને સંબોધ્યા હતા અને એની મહતા સમજાવી હતી. અંતમાં શ્રી કલ્પનાબહેન જોષીએ સ્ત્રીસશક્તિકરણ સંદર્ભે પોતાના પ્રતિભાવો આપ્યા હતા તેમજ ડૉ. રેખાબહેન મોઢાએ આભારવિધિ કરી અને રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.

તાજેતરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી યુવક મહોત્સવનું આયોજન રાજકોટ મુકામે તા. ૧૮-૯-૨૦૧૬ થી તા. ૨૦-૯-૨૦૧૬ દરમિયાન થયેલ. જેમાં ડૉ. વી.આર.ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થિનીઓએ, પાદપૂર્તિ, વક્તૃત્વ, હાલરડાં, લોકગીત, ચિત્ર, મૂક અભિનય અને એકાંકી જેવી સ્પર્ધાઓમાં કુલ ૧૮ વિદ્યાર્થિનીઓએ ભાગ લઇ ઉત્કૃષ્ટ રજુઆત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. તેમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થિનીઓને કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## ૩) C.C.D.C./UDISHA અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧૦/૮/૧૬ થી તા. ૧૩/૮/૧૬ સુધી મેન્ટર્સ અને સી.આર. માટે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ. જેમાં તા. ૧૦/૮/૧૬ ના રોજ, પ્રા. એમ.એમ. જોષી સાહેબે કારકિર્દીની પસંદગી વિશે પોતાની આગવી શૈલીમાં માર્ગદર્શન આપેલ. તા. ૧૨/૦૮/૨૦૧૬ ના રોજ, પુષ્પાબહેન જોષીએ 'શિક્ષણ અને સંસ્કૃતિ' વિશે તેમજ તા. ૧૩/૦૮/૧૬ ના રોજ, શ્રી પ્રમીલાબહેન જોષીએ 'માનવીય મૂલ્યો' વિશે વિદ્યાર્થિની બહેનોને સમજ આપી હતી. તા. ૧૫/૦૮/૧૬ ના રોજ, ડૉ. હરિનબહેન મજીઠીયાએ 'Goal Setting' વિશે રસપ્રદ વાત કરેલ. આ કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત અને પરિચયવિધિ ડૉ. ઈલાબહેન થાનકી અને આભારવિધિ શ્રી કલ્પનાબહેન જોષીએ કરેલ.

★ તા. ૩/૯/૨૦૧૬ ના રોજ, સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો અને સામયિકોનું પ્રદર્શન લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ.

★ તા. ૧૫/૦૯/૨૦૧૬ ના રોજ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત SUCET ની પરીક્ષા લેવાની વ્યવસ્થા દરવર્ષની જેમ આ વર્ષે પણ C.C.D.C. દ્વારા ગોઠવવામાં આપી હતી. આ પરીક્ષા આશરે ૩૦૦ વિદ્યાર્થિનીઓએ આપી હતી. જેમાં ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલમાં B.A., B.Com., B.Sc.(H.S.) તથા M.Com. અભ્યાસક્રમોમાં જોડાયેલી વિદ્યાર્થિનીઓનો સમાવેશ થતો હતો. સમગ્ર વ્યવસ્થાને સરળ બનાવવામાં શ્રી સુનિતાબહેન પોપટીયા અને C.C.P.C. ના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## ૪) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૧/૯/૧૬ ના રોજ, 'ડૉ. રાધાકૃષ્ણનનું જીવન અને સાહિત્ય' વિષય પર નિબંધલેખન સ્પર્ધાનું આયોજન. જેના વિજેતાઓ : (૧) પુરોહિત સંધ્યા જી. (૨) મોનાણી પ્રજ્ઞા એમ. (૩) બાદરશાહી પુનિતા કે.
★ તા. ૫/૯/૧૬ : શિક્ષક દિનની ઉજવણી.
તા. ૭/૯/૧૬ ના રોજ, 'સ્વચ્છતા અને આરોગ્ય' વિષય પર શીઘ્ર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) મોનાણી પ્રજ્ઞા એમ., (૨) પુરોહિત સંધ્યા જી., (૩) ઓડેદરા મનીષા.
★ તા. ૭/૯/૧૬ ના રોજ, 'સ્વચ્છતા અને આરોગ્ય' અંગે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. વિજેતાઓ : (૧) મૂલચંદાણી નિશા ડી., (૨) જોબન પુત્રા વંદના, (૩) લોઢારી ખુશ્બુ.

## ૫) લાઈબ્રેરી સમિતિ અંતર્ગત પ્રવૃતિઓ :-

★ તા. ૪/૮/૧૬ ના રોજ, - 'જીવનમાં પુસ્તકોનું મહત્વ' વિષય પર પરમાર પાયલે પ્રાર્થનાસભામાં પોતાનું વકતવ્ય આપેલ.
★ તા.૨૩/૮/૧૬ - મનોવિજ્ઞાન વિષયના પુસ્તકોનું પ્રદર્શન.
★ તા. ૧/૯/૧૬ - અર્થશાસ્ત્ર વિષયના પુસ્તકોનું પ્રદર્શન.
★ તા. ૧૪/૯/૧૬ - હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે હિન્દી વિષયના પુસ્તકોનું પ્રદર્શન લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ.

## ૬) સ્કાઉટ એન્ડ ગાઈડ અંતર્ગત પ્રવૃતિઓ :-

૧) તા. ૧૨/૮/૧૬ ના રોજ, 'સ્ત્રીસશક્તિકરણ' કાર્યક્રમ અંતર્ગત પોલિસ પરેડ
૨) તા. ૧૩/૮/૧૬ - દેશભક્તિ ગીત સ્પર્ધા.
૩) તા. ૧૫/૮/૧૬ - સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી
૪) તા. ૨૮/૯/૧૬ - સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાફ સફાઈ.

## ૭) સપ્તધારા અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) જ્ઞાનધારા :-

૧) તા. ૦૨/૮/૧૬ ના રોજ, ડૉ. કીર્તિબહેન જોષીએ જળસંચય વિષે તેમજ ડૉ. કેતનભાઈ શાહે પાણીના શુદ્ધિકરણ અંગે વાત કરેલ.
૨) તા. ૨૩/૮/૧૬ ના રોજ, સામાન્ય જ્ઞાનની કસોટી લેવામાં આવેલ.
૩) તા. ૬/૦૯/૧૬ ના રોજ, વકતૃત્વ સ્પર્ધા રાખવામાં આવેલ. વિજેતાઓ, (૧) બારૈયા અંકિતા તથા (૨) મહેતા ક્રિષ્ના. નિર્ણાયકશ્રી : પ્રા. વિપુલભાઈ દાસાણી.
૪) તા. ૧૩/૦૯/૧૬ ના રોજ, ડૉ. કેતનભાઈ શાહ દ્વારા સર્જિકલ સ્ટ્રાઈક વિશે પ્રશ્નોતરી રાખવામાં આવેલ.

### ૨) સર્જનાત્મક અભિવ્યક્તિધારા :-

★ તા. ૩/૮/૧૬ : 'સ્વર્ણિમ ગુજરાત' કવીઝ સ્પર્ધા.
★ તા. ૧૦/૮/૧૬ : 'ભારતની સશક્તનારીઓ' વિષય પર વકતૃત્વ સ્પર્ધા
★ તા. ૭/૯/૧૬ : '૭૦ વર્ષની આઝાદી યાદ કરો કુરબાની' વિષય અંતર્ગત ચિત્ર પ્રદર્શન રાખવામાં આવેલ.
★ તા. ૧૪/૯/૧૬ : 'મારી સંસ્થા મારી નજરે' લેખન સ્પર્ધા. ૧૩૭ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.
★ તા. ૨૧/૯/૧૬ : કાવ્યપઠન સ્પર્ધા.
★ તા. ૨૮/૯/૧૬ : આરતી અને ગરબા ગાન સ્પર્ધા.

### ૩) ગીત-સંગીત નૃત્યધારા :-

★ તા. ૫/૮/૧૬ : અંતાક્ષરી સ્પર્ધા રાખવામાં આવેલ.
★ તા. ૧૨/૮/૧૬ : દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) મુલચંદાણી નિશા, (૨) દેવડીયા ફોરમ, (૩) પોપટ પૂર્વી. નિર્ણાયકશ્રી : ડૉ. મૂળજીભાઈ વાઘેલા
★ તા. ૨/૯/૧૬ના રોજ, જયદેવ રચિત 'ગીતગોવિંદ' પર સુહાગિનીબહેનનું વ્યાખ્યાન.
★ તા. ૯/૯/૧૬ : લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) ગોસ્વામી હેતલ, (૨) શીડા રાંભી અને દેવડીયા ફોરમ, (૩) નકુમ રમા અને ઓડેદરા લીલુ. નિર્ણાયકશ્રી : પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા.

★ તા. ૨૩/૯/૧૬ : પોરબંદરના પ્રખ્યાત કલાકાર પોપટ રિદ્ધિએ ગરબા અને ફિલ્મીગીતો દ્વારા વિદ્યાર્થિનીઓને રસાનુભતિ કરાવી હતી.

### ૪) રંગ-કલા-કૌશલ્યધારા :-

★ તા. ૬/૮/૧૬ : રાખડી સ્પર્ધા. વિજેતાઓ : (૧) ચુડાસમા હરિતા આર., (૨) ગોસ્વામી હેતલ, (૩) વરવાડિયા રીના બી.

★ તા. ૬/૮/૧૬ : વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત સ્પર્ધા રાખવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) પાંડાવદ્રા જયશ્રી, ૨) ઓડેદ્રા મંજુ, (૩) તૈરૈયા નિશા.

★ તા. ૧૩/૮/૧૬ : બ્યુટીપાર્લર વર્કશોપ – શીંગડીયા બિંદીયાબહેન.

★ તા. ૨૩/૮/૧૬ : પ્રાકૃતિક ચિત્ર સ્પર્ધા

★ તા. ૩/૯/૧૬ : કસબવર્ક : શ્રી રીનલબહેન

★ તા. ૧૦/૯/૧૬ : ડ્રોઈંગ ડેમોસ્ટ્રેશન : શ્રી દિનેશભાઈ પોરીયા. ડ્રોઈંગ સ્પર્ધા : જેના વિજેતાઓ, (૧) સિંધવ પૂર્વી આર., (૨) પુરોહિત ધારા ડી., (૩) લોઢારી ખુશ્બુ બી.

★ તા. ૧૪/૯/૧૬ : એન.એસ.એસ. અંતર્ગત ડ્રોઈંગ પ્રદર્શન

★ તા. ૧૭/૯/૧૬ : વોટર ડેમોસ્ટ્રેશન

### ૫) ખેલકૂદ યોગ વ્યાયામધારા :-

સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા આયોજીત આંતરકોલેજ સ્પર્ધામાં જેવી કે, હેન્ડબોલ, સોફ્ટબોલ, વોલીબોલ, ચેસ, ખો-ખો વગેરેમાં વિદ્યાર્થિનીબહેનોએ ભાગ લીધેલ. સોફ્ટબોલમાં કોલેજટીમ સેમીફાઈનલમાં પહોંચેલ તેમજ બે વિદ્યાર્થિનીબહેનો નેશનલ માટે પસંદગી પામેલ. ચેસમાં ખૂંટી માયા અરભમે સૌ.યુનિ.માં બીજો નંબર પ્રાપ્ત કરેલ.

### ૬) નાટયધારા :-

★ તા. ૨૩/૮/૧૬ : સ્વાતંત્ર્યદિનની પખવાડિયાની ઉજવણી.

★ તા. ૨૦/૯/૧૬ : પ્રોજેક્ટર પર નાટકની રજૂઆત 'ઝીરો બન ગયા હીરો ભાગ-૨'.

★ તા. ૨૭/૯/૧૬ : 'પુરૂષાર્થ' નાટકની રજૂઆત. લેખક,દિગ્દર્શક : શ્રી ચેતનભાઈ દવે.

## ૮) અભ્યાસ વર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### ૧) અંગ્રેજી અભ્યાસ વર્તુળ :-

૧) તા. ૦૫/૮/૧૬ ના રોજ, સુલેખન સ્પર્ધા. જેના વિજેતાઓ, (૧) માલમ સાયલ, (૨) ઓડેદ્રા ભીની.

૨) તા. ૮/૮/૧૬ : 'નેશનલ લિડર' વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) ગોહેલ કાજલ ડી, (૨) ઓડેદ્રા પ્રિયા આર., (૩) તન્ના પાયલ જી.

### ૨) ગુજરાતી અભ્યાસ વર્તુળ :-

૧) તા. ૧૪/૯/૧૬ : કાવ્યપઠન સ્પર્ધા. જેના વિજેતાઓ, (૧) મુલચંદાણી નિશા, (૨) શીંગરખીયા કાજલ અને મોતીવરસ નિશા, (૩) વાંદરીયા ભૂમિકા અને મોતીવરસ પુજા

### ૩) સંસ્કૃત અભ્યાસ વર્તુળ :-

૧) તા. ૨/૮/૧૬ : સુલેખન સ્પર્ધા : જેમાં ૨૫ બહેનોએ ભાગ લીધેલ. જેના વિજેતાઓ, (૧) ઓડેદ્રા નિશા જે., (૨)

કોટીયા ચાંદની જે., (૩) સોલંકી ધારા ડી. અને પુરોહિત કિંજલ એન. નિર્ણાયકશ્રી : પ્રા. વર્ષા બી. જોષી.

૨) તા. ૧૨/૯/૧૬ : સંસ્કૃત શ્લોકપૂર્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેના વિજેતાઓ, (૧) ઓડેદરા નિશા જે., (૨) ખૂંટી ગીતા એલ., (૩) પરમાર ભારતી એમ. નિર્ણાયકશ્રી : પ્રા. વર્ષા બી. જોષી.

## ૪) હિન્દી અભ્યાસ વર્તુળ :-

હિન્દી દિવસની ઉજવણી નિમિતે વિવિધ પ્રવૃતિઓનું આયોજન ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ તેમજ બી.એડ્. ગોઢાણિયા મહિલા કોલેજ દ્વારા સંકલન સાધી નીચે મુજબની સ્પર્ધાઓ કરવામાં આવેલ.

★ તા. ૧૪/૯/૧૬: કાવ્યપઠન સ્પર્ધા : જેના વિજેતાઓ, (૧) પંડયા જય, (ગો. બી.એડ્. કોલેજ,) (૨) પાડાંવદરા જયશ્રી, (૩)પુરોહિત સંધ્યા અને ગોહેલ કોમલ.

★ તા. ૧૪/૯/૧૬ : વકતૃત્વ સ્પર્ધા. જેના વિજેતાઓ, (૧) પુરોહિત સંધ્યા, (૨) ભૂડિયા રોહિત (ગો. બી.એડ્. કોલેજ) અને (૩) થાનકી અમી.

★ તા. ૧૫/૯/૧૬ : પ્રેમચંદ જન્મજયંતિ નિમિતે હિન્દી સેમ.-૫ ની વિદ્યાર્થીનીઓ દ્વારા તૈયાર કરેલ આલેખની રજૂઆત કરવામાં આવેલ. વિષય વિશેષજ્ઞ તરીકે સરકારી વિનયન કોલેજ, ભાણવડ, હિન્દી વિભાગાધ્યક્ષ ડૉ. દિનેશકુમાર રાઠોડ દ્વારા 'વૈશ્વિક સ્તર પર હિન્દી' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવેલ.

## ૫) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૭/૯/૧૬ ના રોજ, જિલ્લા કાનૂની સેવા સતા મંડળ (પોરબંદર) દ્વારા 'એક કાનૂની શિક્ષણ શિબિર' નું આયોજન સવારના ૧૦:૩૦ થી ૧૨:૪૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું. જેમાં નીચેના વકતાઓને વ્યાખ્યાન આપ્યું હતું.

★ એડવોકેટ શ્રી જયેશભાઈ લોઢીયા 'એન્ટી રેગીંગ'.

★ પી.એલ.વી. શ્રી જાનકીબહેન વાઢેર, 'સ્ત્રીઓના અધિકારો'.

★ પી.એલ.વી. શ્રી ગૌરાંગભાઈ જોષી, 'વૃદ્ધોના અધિકારો અને વિનામૂલ્યે કાનૂની સહાય'.

## ૬) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :-

★ તા. ૧૬/૮/૧૬ : R.S.E.T.I., ની મુલાકાત (S.B.I.) ડૉ. ઈલાબહેન થાનકી અને ડૉ. ભાવનાબહેન કેશવાલા ટી.વાય બી.એ. સેમ-૫ ની ૩૦ વિદ્યાર્થિનીબહેનોને લઇ ગયેલ. સ્વરોજગારલક્ષી બાબતોથી માહિતગાર કરવામાં આવેલ.

★ તા. ૧/૯/૧૬ : અર્થશાસ્ત્ર વિષયના પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ.

★ તા. ૧૦/૯/૧૬ : Motivation અંગેનું વ્યાખ્યાન, શ્રી કલ્પનાબહેન જોષી.

★ તા. ૨૦/૯/૧૬ : 'મોબાઈલના ફાયદા અને ગેરફાયદાઓ' વિષય પર ગ્રુપ ચર્ચાનું આયોજન કરવામાં આવેલ. મોબાઈલના ફાયદાઓ : જેના વિજેતાઓ, (૧) પોપટ પૂર્વી, (૨) મારુ ઋતુ, (૩) નકુમ રમા.
મોબાઈલના ગેરફાયદાઓ : (૧) તેરૈયા નિશા, (૨) પરમાર પાયલ, (૩) પરમાર ભૂમિકા. નિર્ણાયકશ્રી : ડૉ. ભાવનાબહેન કેશવાલા.

## ૭) મનોવિજ્ઞાન અભ્યાસ વર્તુળ :-

★ તા. ૨૩/૮/૧૬ : મનોવિજ્ઞાન વિષયના પુસ્તકોનું પ્રદર્શન લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ.

★ તા. ૨૫/૯/૧૬ થી તા. ૨૬/૯/૧૬ બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં જુદા જુદા ન્યુઝ પેપરમાં મનોવૈજ્ઞાનિક લેખોનું વિવરણ તથા પરીચય બી.એ. સેમ-૩ ની વિદ્યાર્થિનીબહેનો દ્વારા કરવામાં આવેલ.

## ૮) હોમસાયન્સ અભ્યાસ વર્તુળ :-

★ તા. ૩૧/૮/૧૬ : ના રોજ શ્રી કુલદીપસિંહનું આંગણવાડી અંગેનું વ્યાખ્યાન રાખવામાં આવેલ.

★ તા. ૧/૯/૧૬ : ECCE સેન્ટર (પોરબંદર)ની મુલાકાત

★ તા. ૧/૯/૧૬ : ના રોજ હોમસાયન્સ વિષયના વિભાગાધ્યક્ષ ડો. ચેતનાબેન બેચરાના માર્ગદર્શન નીચે વાનગી વેચાણનું આયોજન કોલેજ કેમ્પસમાં રાખવામાં આવેલ. જેમાં બી.એસ.સી. સેમ- ૫ની બહેનો જોડાયેલ.

## ૯) કોમર્સ (અંગ્રેજી માધ્યમ)અભ્યાસ વર્તુળ :-

**★Month-Year 16-17**

**Expert Lecture Workshop on Activity based learning 4-08-16**

A seminar was organized by 'Sathway', on how a company works in the field of Education and Training. Sujata Wadhwa and Dr. Siddharth Jadeja gave their expert views. In fact Dr. Jadeja has been very active in academic field since many years. He is also Principal of B. H. Gardi College of Engineering & Technology.

**Saturday, 06-08-2016 College making competition**

Collage making competition was held in the circle for entire students. They all participated enthusiastically around 350 students took part in it. It was judged by Prof. Mital Jethva and Prof. Khyati Jadav.

**Winners :-** Religion : Savjani Janvi & group sem-3 Politics : Odedra Pooja & sem-3, Dattani Nidhi & group sem-3. Fashion : Hamdani Aamna & group sem-1, Renuka Pratishtha & group sem-5, Rughani Arti & group sem-1

**Saturday, 13-08-2016 Patriotic song competition**

Patriotic song competition and Rakhi making competition were held in the study circle.
Winners : 1st Rank : Mulani Rehana sem-3, 2nd Rank : Atri Hiral sem-1, 3rd Rank : Solanki Pooja sem-5, Gohel Krushnika sem-5, Around 25 students participated in Rakhi making competition. It was judged by Prof. Dave Chandni and Prof. Sunita Popatiya

**Winners :** 1st Rank : Pankhaniya Nehal sem-3, 2nd Rank : Madlani Ayushi sem-5, 3rd Rank : Salet Chandni sem-3, Vadhia Akansha sem-1, Consolation : Dadhi Ami sem-3, Group : Kanet Dimple and Kariya Nidhi sem-5.

**Saturday, 20-08-2016, Role play Competition**

Role play competition was held in the study circle, Around 25 students participated in it. It was judged by Prof. Rushi Pandya & Jadav Khyati.

**Winners :** 1st Rank : Charadva Krupa & group sem-5, 2nd Rank Nakum Sonali & group sem-3, 3rd Rank : Joshi Ridhhi & Mashru Nirali & group sem-3

**03-09-2016 Business Quiz**

Business Quiz was held under the study circle activity to enhance their knowledge regarding Corporate. Around 15 student participated in it. It was organized by Prof. Kotecha Janki & scoring was done by Prof. Mital Jethva.
Winners : Parmar Vanita & group sem-5

**17-09-2016 Prin. Lecture and Best PPT Competition**

An expert lecture of Dr. Anupam Nagar sir was held in the study circle in ' Managment' i.e. 'Mgt. of Man.' Best PPT presentation was also held on same day. 10 students took part in it. It was organized by Mukul Gandhi sir & Judged by Sunita Popatiya.

**Topics :** Dream Career, Gender Discrimination, Child labour, Modern Technology & Women Empowerment.
**Winners :** 1st Rank : Suryavanshi Dipti sem-1, 2nd Rank : Hindocha Nikita sem-5, 3rd Rank : Rughani Arti sem-1 & Odedra Mansi sem-5

# ૯) Activity List of P.G. Centre




| Sr. No. | Activity List of P.G. Centre (2016) First Term | Incharge Professor | Date | Name Of Winners |
|---|---|---|---|---|
| 1 | **Introduction Of Faculty Of Commerce And English** | **All** | **25th June** | |
| 2 | Jumbloid | Janki Kotecha | 2nd July | Anisha Vandariya, Pitroda Hiral, Kuchhdiya Devhuti, Pankhaniya Mansi, |
| 3 | Debate Competition (**Reservation In Modern Education & Advantages and Disadvantages of I. C. T. in Education**) | Illa Thanki | 9th July | Debate- M.A. Sem-1 (Old English) |
| 4 | Elocution and Essay Related to Guru | Jalpa Mehta & Pranali Joshi | 16th July | **Elocution** - Trusita Dave, Odedra Manisha, Vandariya Anisha, Odedara Pooja; **Essay-** Vandariya Anisha, Vala Rajeshvariba, Odedra Dilip |
| 5 | Ad Mad show | Mital Jethva | 30th July | M.A. Sem-1 (New English) |
| 6 | Collage Making | Mital Jethva | 6nd August | Modhvadiya Hetal, Kotak Bansi, Makvana Dimple, Odedara Bharti, Sharma Amisha |
| 7 | Tiffin Trip to bird Sanctuary (Rain related activity) | All | 20nd August | |

| | | | | |
|---|---|---|---|---|
| 8 | Teachers' Day celebration | All | 3rd September | |
| | **M.Com Sem-3 Eng** Kotak Bansi, Acharya Pooja, Ratneshwar Rucha, Panjari Mohini; **M.A English New** Dave Trushita, Sonigra Ashvini, Badiyani Khushali; **M.Com Sem -1 Eng** Dhada Zarina, Odedra Mansi, Pankhaniya Mansi, Kuchhdiya Dehuti; **M.Com Sem-1 Guj** Madhvi Jayeshvaree, Khorava Komal, Gohel Anjali | | | **M.A. English Old**- Kandoriya Jignasha, Bloch Nagma, Mehta Binita |
| 9 | One Minute Competition | Bhavika Gohel | 10th September | |
| 10 | Games | Chandni Singadiya | 17th September | |
| 11 | Cleanliness and Poster Making | Illa Thanki | 1st October | |
| 12 | Navratri Celebration (Garba Dandiya Arti Decoration) | All | 8th October | **Princess of the college-** Gohel Anjali **Best Player** Motivaras Urvashi, Vizuda Payal, Odedra Maya **Non Traditional** Lodhari Twinkal, Khorava Utiksha, Modha Janki **Best Attire** Lodhiya Mansi, Chavda Neha, Kotak Bansi |



## List of Expert Lecture P.G. (English)

| Sr. No. | Name of Expert | Subject | Date |
|---|---|---|---|
| 1 | Dr. Sanjay Mukherjee | Metaphysical Poetry | 13th August 2016 |
| 2 | Dr. Kamal Mehta | Research Methodology / Net / Set/ Guidance | 03rd September 2016 |
| 3 | Dr. Indira Nityanadam | Phonetics | 16th September 2016 |

## ૧૦) વર્ષગાંઠ અભિનંદન :-

★ પ્રસ્તુત અંકમાં ઓક્ટોબર-નવેમ્બરમાં જેમની વર્ષગાંઠ આવી રહી છે તેમની વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં ''જ્યોતિર્ગમય'ની ટીમ અત્યંત આનંદ અનંભવે છે.

૧) ઓક્ટોબર-૨૦૧૬
- તા. ૦૧ ઓક્ટોબર- ડૉ. કીર્તિબહેન જાની
- તા. ૨૫ ઓક્ટોબર- ડૉ. ઈલાબહેન થાનકી
- તા. ૨૮ ઓક્ટોબર- ડૉ. રેખાબહેન મોઢા
- તા. ૧૭ ઓક્ટોબર- શ્રી ભારતીબહેન શીંગરખીયા
- તા. ૨૪ ઓક્ટોબર- પ્રા. જાનકીબહેન કોટેચા
- તા. ૧૪ ઓક્ટોબર- પ્રા. ચાંદની બહેન દવે

૨) નવેમ્બર-૨૦૧૬
- તા. ૧૧ નવેમ્બર- ડૉ. આદરણીય ટ્રસ્ટી મધુસુદનભાઈ મહેતા
- તા. ૨૯ નવેમ્બર- ડૉ. સ્મિતાબહેન આચાર્ય
- તા. ૨૯ નવેમ્બર- ડૉ. સંગીતાબહેન પારેખ
- તા. ૨૫ નવેમ્બર- પ્રા. વિપુલભાઈ દાસાણી
- તા. ૧૭ નવેમ્બર- શ્રી જેશાભાઈ ઓડેદરા
- તા. ૦૭ નવેમ્બર- શ્રી દેવશીભાઈ ઝાલા

ઉપરોક્ત તમામ સભ્યોને તમની વર્ષગાંઠ નિમિત્તે ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજ પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન સાથે ભાવિ પ્રગતિ માટે શુભકામનાઓ.

## ૧૧) ટીચર્સ કોર્નર :-

વિપરીત પરિસ્થિતિ આવી પડે ત્યારે હતાશા કે નિરાશાના ભારથી દબાઈ જવાને બદલે પરિસ્થતિનું પૃથ્થકરણ કરી જીવનનો પડકાર ઝીલી લઈને સામનો કરવો જાઈએ.
- પ્રા. સુહાગિની પી. ગરાસીયા (ગુજરાતી વિભાગ)

જીંદગીમાં એટલું 'ભારે' કશું નથી હોતું,<br>
જે 'હળવું' ન થઈ શકે.<br>
આપણે બસ થોડું 'જતું' કરવાનું હોય છે.<br>
- ડૉ. સંગીતા પારેખ (હિન્દી વિભાગ)

'ज्योर्तिगमय' छात्र-भाव अभिव्यक्ति की द्विमासिक पत्रिका है। पत्र-पत्रिकाएँ संस्था व समाज का आईना हुआ करती है। ज्योर्तिगमय अमारे महाविद्यालय की नूतनतम प्रकृतियों का सही-सही सुबधि ढंग से विवरण प्रकाशित करता है। छात्र-छात्राएँ एवं अध्यापकीय विचारों के आदान-प्रदान का सफल माघ्यम है - ज्योर्तिगमय। अपने ज्ञान से छात्र-जीवन का विकास करने से ही समाज में चेतना का फैलाव होता है। शैक्षणिक संस्थाओ में समाज में समभाव-ममभावपूर्ण वातावरण बनाने में ऐसी पत्रिकाओं की बडी भूमिका हुआ करती है। समाज का नैतिक विकास, छात्राओं का ज्ञानात्मक विकास और महाविद्यालय का भावनात्मक विकास आज के समय की सबसे बडी माँग है। छात्र-जीवन की सज्जता से ही समाज-जीवन में सज्जता का निर्माण होता है। किसी भी महाविद्यालय की सफलता का आधार अपने छात्र-छात्राओं के माघ्यम से समाज में अपना अनुबन्ध बनाएँ रखने में हुआ करता है। अभावग्रस्त जीवन में भाव का निर्माण करना हमारे महाविद्यालय का परम कर्तव्य है। ज्योर्तिगमय पत्रिका का लक्ष्य हमारे छात्र-जीवन को भगवान बुद्ध के सूत्र-'अत्तदीम भवः' की और ले जाना है - यथा -

***स्वयं दीपक बनो,<br>
स्वयं प्रकाशित बनो<br>
दीप से दीप जलाकर पूरे समाज को ,<br>
प्रकाशित कर दो ।***

-प्रा. एम. एन. वाघेला





## ૧૨) સ્ટુડન્ટ કોર્નર :-

### નવરાત્રી

રાસની રમઝટની ધુનમાં,
ગરબાના સંગીતની ધુનમાં,
મા ની આરાધનાની ધુનમાં,
નવલા તે રંગની આ નવરાત્રી.

મા ના ગરબાની જ્યોત,
મા ના ઝાંઝરનો રણકાર,
મા ના તેજ નો પ્રકાશ,
નવલા તે રંગની આ નવરાત્રી.

નવરાત્રીનું આ આગમન,
સમાય જઈએ આ રાસની રમઝટમાં,
નવલા તે રંગની આ નવરાત્રી.

-પુરોહિત જસ્મીન
(ટી.વા. બી.કોમ. -આઈ.ટી. સેમ-૫)

### शुभ दिपावली

जगमग-जगमग दिप जले
रोशन घर का हो हर कोना
प्रकाश के जेसे उज्जवल तन हो
जन-जन स्वजन और निर्मल मन हो।
रोशनी का आगाज जहां हो
तुम वहाँ हो हम वहाँ हो
दुर तम के अधंकार हो
मीढे सुर हो मीढी ताल हो
शुभकामनाए हो यही हमारी
सतरंगी हर दिवाली हो

-खूंटी गीता एल.
(बी.ए.सेम-५)

### दिवाली

''दिवाली पर्व है पुरूषार्थ का,
दीप के दिव्यार्थ का,
देहरी पर दीप एक जलता रहे
अधंकार से युद्ध यह चलता रहे

हारेगी हर बार अंधियारे की घोर - सालिमा,
जितेगी जगमग उजियार की स्वर्ण लालिमा,
आशिषों का मधुर छाँव इसे दे दीजिए,
प्रार्थना शुभकामना हमारी ले लीजिए
कायम रहे इसका अर्थ वरना व्यर्थ है,
दीप ही ज्योति का प्रथम तीर्थ है,

जिलमिल रोशनी में निवेदित अविरत शुभ कामना
आस्था के आलोक में आदरयुक्त मंगल भावना''

-ओडेदरा निशा जे.
(बी.ए.सेम-५)



*Happy Diwali*

## ૧૩) પ્રિન્સિપાલશ્રીની કલમે :-

Dear Students,

As semester-end Examination draws near, it is important to shift our **FOCUS** entirely to academics. Yes, we have had quite an eventful term with certain healthy practices, like PRAVESHOTSHAV, Talent Day, Blood-Donation camp, Cleanliness programme, Expert sessions, Student Development Programme, Short-terms courses etc. Now it is imperative that we give priority to our exams. Remember that as in life, here too, **HONESTY IS THE BEST POLICY.** If one starts early, drives safely, one reaches safely. So too in examination one should start one's preparation for exam with the start of the term. By being regular and punctual our academic drive would be smooth and we would be in the best frame of mind to perform in the examination.

So, on behalf of the entire college fraternity let me wish you extraordinary success in the semester-end University examination.

Jay Hind

- Dr. Anupam R. Nagar

## ૧૪) તંત્રીસ્થાનેથી :-

શકિત ઉપાસના બે પ્રકારની હોય છે. આ બંન્ને શકિત આત્મામાં કેન્દ્રિત છે. આ આત્મશકિત જાગ્રત કરવાથી લૌકિક અને પારમાર્થિક સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે. સમાજનાં સદ્‌વિચારો ટકાવવા માટે પણ શકિત ઉપાસના આવશ્યક છે. વ્યવહારમાં જુદા જુદા પ્રકારે જે કાંઈ શકિત વપરાય છે. તે બધી શકિત પરમેશ્વરની જ છે. ઉપભોગ કરતી વખતની શકિત ભવાની છે. પુરુષાર્થ માટે વપરાતી શકિત લક્ષ્મી તરીકે જાણીતી છે કોપાયમાન થતી વખતની શકિત દુર્ગાશકિત અને પ્રલય વખતની શકિત કાલી ગણાય છે. નવરાત્રીના આ નવ દિવસો નિષ્ઠાપૂર્વક દુર્ગામાના આ નવ સ્વરૂપનું પૂજન કરવાથી સુખ, સંપતિ અને શાંતિ મળે છે. આપણામાં અને સમાજમાં વકરતા રહેલા વ્યકિતવાદને પ્રભાવી થતો અટકાવી સમાજમાં નિર્માણ થયેલી મહિષાસુર વૃત્તિને નાથવાની જરૂર છે, આ દિવસોમાં માં પાસે સામર્થ્ય માંગીએ તેમજ અસદ્‌નો સામનો કરતા ગમે તેટલા કષ્ટો સહેવાની તુ અમને ‘‘શકિત આપ.’’

***या देवी सर्वभूतेषु शकितरूपेण संस्थिता ।***
***नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नम: ।।***

-પ્રા. વર્ષા બી. જોષી

# *Happy New Year*

**મુખ્ય સંપાદક : ડૉ. અનુપમ આર. નાગર**

**ડૉ. રેખાબહેન મોઢા** **પ્રા. વર્ષા બી જોષી**

**શ્રી કલ્પનાબહેન જોષી** **પ્રા. ૠષિભાઈ પંડ્યા**

**પ્રા. ભરતસિંહ ડોડિયા** **શ્રી સુરેશભાઈ બી. ગોરસીયા**